Since March 2002
A National, Registered & Refereed Monthly Journal : **Gujarati Literature**
Research Link - 172, Vol - XVII (5), July - 2018, Page No. 50-51
ISSN - 0973-1628 ■ RNI - MPHIN-2002-7041 ■ Impact Factor - 2015 - 2.782

# ગુજરાતી બાલસાહિત્યના બ્રહ્મા : ગિજુભાઈ બધેકા

*ગુજરાત બાળશિક્ષણ અને બાળ સાહિત્યના ક્ષેત્રના અગ્રદૂત એવા ગિજુભાઈ બધેકા એ શિક્ષણ અને સાહિત્યમાં પ્રજવલ્લિત ક્રાંતિજયોત સતત વિકસતી અને વિસ્તરતી રહે છે. સમગ્ર ગુજરાતી બાળસાહિત્ય તેમણે પ્રગટાવેલી ચિંતનશ્રેણીને દિવાદાંડી ગણીને આગળ વધી રહયું છે. તેમણે સ્થાપેલા શિક્ષણ સિંતો આજે પણ સર્વસ્વીકાર્ય બની રહયા છે.*

**કુ. ગોધાણી મનિષા એમ.**

**ભા**રતની પુણ્યભૂમિ પર અનેક વિરલ વિભૂતિઓએ પોતાના આગવા ચિંતનના આધારે શિક્ષણના ક્ષેત્રમાં નૂતન વિચારોના વાવેતર કાર્ય છે. તેમાં રાષ્ટ્રપિતા ગાંધીજી, સ્વામી વિવેકાનંદજી, કવિવર રવિન્દ્રનાથ ટાગોર, ર્ડા. સર્વપલ્લી રાધાકૃષ્ણનન, મહર્ષિ અરવિંદ, ર્ડા. ઝાકિર હુસેન વગેરના નામ મોખરાનું સ્થાન ધરાવે છે. શિક્ષણા ક્ષેત્રે પ્રયોગવાદ [Experimentalism] અને પુનરચનાવાદ [Reconstructionism] ના પ્રણેતાઓમાં ગિજુભાઈ બધેકા, તારાબહેન મોડક, મહાત્મા જયોતિબા ફુલે તથા ધોંડો કેશવ કર્વે વગેરેનું સ્થાન પ્રથમ હરોળમાં ગણી શકાય. ગુજરાતમાં બાળ કેળવણીકાર તરીકે ખ્યાતનામ અને 'બાળકોના ગાંધી' તથા 'મૂછાળી મા' જેવા બિરુદોથી નવાજેશ થયેલા શ્રી ગિજુભાઈ ભગવાનજીભાઈ બધેકા ૧૫ નવેમ્બર, ૧૮૪૫ ના રોજ સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના વળા ગામે અવતર્યા હતા. કૌટુંબિક અને વ્યવસાયિક જીવનમાં વિવિધ પ્રકારના કડવા અનુભવોના સ્વાદ ચાખનાર શ્રી ગિજુભાઈને પુત્રરત્ન પ્રાપ્ત થતા તેમનું સમગ્ર જીવન બાળ કેળવણીલક્ષી બન્યુ. ''બાળક જ સાચી મૂડી છે.'' એવી પ્રતીતિ થતા ઈ.સ. ૧૯૨૦ માં તેમણે બાલમંદિરની સ્થાપના કરી. બાળ કોના શિક્ષણ માટે શિક્ષકો તૈયાર કરવા ઈ.સ. ૧૯૨૩ માં બાલ અધ્યાપન મંદિરની સ્થાપના કરી.

પોતાના પુત્રના શિક્ષણની સતત ચિંતા કરતા કરતા ગિજુભાઈ શિક્ષણના ચિંતન તરફ વળ્યા. ''બાળક જ સાચી મૂડી છે'' તેવું તેમની પ્રતીત થયું. ''આ નિશાળો તો આંકણિયું અને મોપાટ સિવાય સિવાય કંઈ છે ? આવી નિશાળમાં છોકરાને કેમ મોકલાય ?'' પુત્રવત્સલતાની આવી ભાવનાને કારણે જ તેમની વ્યકિતગત ચિંતાનો લાભ શિક્ષણ જગતને તેમના બાળસાહિત્યના ૧૪૦ જેટલા પુસ્તકો, શિક્ષણશાસ્ત્રના ૩૦ જેટલા પુસ્તકો અને બાળસાહિત્યમાં અક્ષરજ્ઞાન યોજનાના ૫ પુસ્તકો સ્વરૂપે મળ્યો. જેમણે ગિજુભાઈને બાળસાહિત્યકાર તરીકે નામના અપાવી. ઈ.સ. ૧૯૨૯માં તેમને બાળસાહિત્યની સેવા માટે રણજિતરાય સુવર્ણચંદ્રક એનાયત થયો.

પુત્રવત્સલ પિતાની 'મૂછાળી મા' બનવાની યાત્રામાં ગિજુભાઈને રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા વસોના દરબાર શ્રી ગોપાળ દાસ તેમજ કેળવણીના હિતચિંતક એવા શ્રી મોતીભાઈ અમીનનો સથવારો અને સધિયારો સાંપડયો. આધુનિક બાળકેળવણીના જનની મેડમ મોન્ટેસોરીના શિક્ષણચિંતન અને સંસ્કારસિંચનના પ્રયોગોએ ગિજુભાઈના માનસપટ પર બાળશિક્ષણના કાલ્પનિક ચિત્રોમાં વાસ્તવિકતાના રંગો પૂર્યા. ગુજરાતમાં શિક્ષણની પ્રયોગશાળા ગણાતી દક્ષિણામૂર્તિ સંસ્થામાં ગૃહપતિ તરીકે જોડાયા બાદ શ્રી ગિજુભાઈની સંનિષ્ઠ કેળવણીકાર તરીકેની ધગશ તેમને સંસ્થાના આચાર્યપદ સુધી દોરી ગઈ. પણ તે સમયે નાનકડા બાલપુષ્પોમાં શિક્ષણ અને સંસ્કારના સિંચનની ખાસ વ્યવસ્થા ન હતી તેથી નાના–નાના બાલગોપાલોની ચિંતા કરનારા ગિજુભાઈનો જીવ આચાર્યપદે મુંઝાવા લાગ્યો. તેમના માનસપટ પર તો નાનકડાં બાલુડાઓજ આરાધ્યદેવ તરીકે સ્થાપિત થઈ ચૂકયા હતા. આવા દેવતાઓ માટેનું મંદિર એટલે કે બાલમંદિર ઈ.સ. ૧૯૨૦ માં શ્રી ગિજુભાઈએ શરૂ કર્યુ. બાલ અધ્યાપન જ તેમનો જીવનમંત્ર હતો. તેથી અનેક પ્રકારની આર્થિક, સામાજિક સમસ્યાઓ અને ખાસ કરીને બિંબાઢાળ મનોવૃતિ ધરાવતા વાલીઓનો અસહકાર તેમના કર્મયજ્ઞને રોકી શકયા નહિ.

''એકની એક વાત પાછળ મંડયા રહેવું એ જીવનનો એક સ્વભાવ છે કે સિનિ ચાવી છે. આપણા દેશમાં એકની એક વાત પાછળ મંડયા રહેનાર માણસોની ખોટ છે, કારણ કે બાળકો પાસેથી સંદેશ ઝીલવાનું માણસોને સૂઝતું નથી. અને બાળકનો સંદેશ કોઈ દેશ કે જાતિ માટે નથી. તેનો સંદેશ માનવજાત માટે છે... ... બાળ કની સાથે જીવન જીવતાં મને આ વસ્તુ જડી છે અને હવે એ ખોવાય

*કાર્યકારી આચાર્યા, શ્રી પટેલ કેળવણી મંડળ કોલેજ ઓફ ટેકનોલોજી એન્ડ બી.એડ., જૂનાગઢ (ગુજરાત)*

તેમ નથી." ગિજુભાઈ બધેકાએ આ કથનમાં જણાવેલ વસ્તુ તેમના ખંત, ચીવટ અને પરિશ્રમના કર્મયજ્ઞના પ્રસાદરૂપે જડેલી છે. તેમણે બાળશિક્ષણ માટે જે પ્રયોગો કર્યા, તેના નિષ્કર્ષો પરથી તેમની જે સંવેદનશીલતા પ્રગટ થઈ છે તેમાં તેમના આગવા શિક્ષણ ચિંતનના દર્શન થાય છે.

પુત્રના યોગ્ય ઉછેર, શિક્ષણ અને સંસ્કારની ચિંતા કરનાર સામાન્ય પિતાથી શિક્ષણકાર, શિક્ષણ ચિંતક સુધીની યાત્રાને પોતાના શબ્દોમાં ગિજુભાઈ આ રીતે વર્ણવે છે. "જે બાળક મળ્યું તેને સમજવાનો પ્રયત્ન કર્યો. એમ અસંખ્ય બાળકોને સમજતાં સમજતાં હું મને શીખી શકયો – સમજી શકયો. બાળકોને વાંચી વાંચીને શિક્ષક થયો." આ શબ્દોમાં તેમની સાદગી, નિરાભિમાન અને ઉત્કૃષ્ટતાના દર્શન થયા વિના રહેતાં નથી.

બાલકેળવણીના પુરસ્કર્તા એવા શ્રી ગિજુભાઈના શિક્ષણ ચિંતનમાં બાળકના સ્વતંત્ર વ્યકિતત્વનો વિકાસ, બાળકની સુષુપ્ત શકિતઓ અને લાગણીઓનો સ્વીકાર, અનેકવિધ જીવનાનુભવો પૂરા પાડવાની નેમ, સ્વાવલંબન અને સર્જનાત્મકતાનો વિકાસ, ઈંદ્રિયોની કેળવણી અને ઈંદ્રિયો દ્વારા કેળવણી વગેરે જેવી વિશિષ્ટતાઓ ષ્ટિગોચર થાય છે. બાલશિક્ષણની વિભાવના સમજાવતા તેઓ લખે છે કે "બાળકોને શીખવવામાં ખરું તો હું જ શીખ્યો છું. તેમને નીચેથી ઉંચે લઈ જતાં સાથેસાથે હું પણ ચડતો ચાલ્યો. તેમનો ગુરુ થતાં મેં તેમનું ગુરુપણું સમજી લીધું." માતૃભાષા શિક્ષણ, વિજ્ઞાન, ખગોળ શાસ્ત્ર, વનસ્પતિ વિજ્ઞાન, જીવવિજ્ઞાન વગેરે જેવા વિષયો તેમના મતે વિવિધ પ્રવૃતિઓ જેવી કે સફાઈ, શણગાર, સુશોભન, બાગકામ, માટીકામ, મોતીકામ, કોતરકામ, ચિત્રકામ, નાટક–નૃત્ય, રમતો, વ્યાયામ, વાર્તાકથન, લોકગીત, લોક સંગીત વગેરે દ્વારા શીખવવા જોઈએ.

પ્રવૃતિલક્ષી અભ્યાસક્રમ માટેની અધ્યાપન પ્રવૃતિઓની પસંદગીમાં પણ તેમનું આગવું દર્શન નજરે ચડે છે. તેમણે અવલોકન દ્વારા શિક્ષણ, ક્રિયા દ્વારા શિક્ષણ, પ્રવૃતિ દ્વારા શિક્ષણ અને અનુભવ દ્વારા શિક્ષણનો મહતમ ઉપયોગ થતો હોય તેવી અધ્યાપન પતિઓ સૂચવી છે.

અધ્યયન–અધ્યાપન પ્રક્રિયામાં અધ્યાપકની ભૂમિકા સ્પષ્ટ કરતાં તેઓશ્રીએ જણાવ્યું છે કે, "જેઓ ચોપડી વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે, જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તે કેળવણીશાસ્ત્રી થશે. બાળક માત્ર કેળવણીકાર માટે સમર્થ, અતીય અને મહાન ગ્રંથ છે." બાળ કેળવણીના અભિન્ન અંગ સમાન શિસ્ત કે સ્વનિયમન અંગેના ખ્યાલોમાં પણ 'મૂછાળી મા' નું ઉપનામ સાર્થક થાય છે. તેમના મંતવ્ય અનુસાર શિસ્ત એટલે પ્રવૃતિની સંલગ્નતામાંથી જન્મેલી આત્મનિયમનની ક્ષણો.

કાકા કાલેલકરે જેમને 'બાલ સાહિત્યના બ્રા'નું બિરુદ આપ્યું છે તેવા ગિજુભાઈ બાળકોમાં પરમતવના દર્શનનો લ્હાવો તેમના જ શબ્દોમાં "પળે પળે બાળકોમાં વસતા મોટા આત્માના હું દર્શન કરું છું. એ દર્શન મને પ્રેરણા આપી રહયું છે. બાળકોના અધિકારોની સ્થાપના કરવાને માટે જ હું જીવતો રહું અને એ કામમાં જ હું મરી ખૂટું." પ્રયોગવાદ કે વ્યવહારવાદને બાળ કેળવણીમાં પ્રયોજનાર ગિજુભાઈનું પુસ્તક 'દિવાસ્વપ્ન' બાલશિક્ષણનો નવો રાજમાર્ગ ચિંધે છે. તો 'શાંત પળોમાં' તેમના અંતરમને અનુભવેલી તીવ્ર આધ્યાત્મિક ભૂખના દર્શન થાય છે. 'મૂછાળી મા' પુસ્તકમાં ગિરિશ મ. ભટ્ટ ગિજુભાઈ બધેકાના જીવનચરિત્રની ઝાંખી કરાવે છે. બાળકેળવણીના બીજા પક્ષકાર તરીકે બાળકના માતા–પિતાની સમસ્યાઓના ઉકેલો અને સૂચનોની રજુઆત ગિજુભાઈના પુસ્તક 'માબાપોના પ્રશ્નો'માં થયેલી છે. બાલ શિક્ષણને આદર્શ બનાવવાના દિશાસૂચનો તેમના 'બાલશિક્ષણ મને સમજાયું તેમ' પુસ્તકમાંથી જાણી શકાય છે.

આમ, ગિજુભાઈ બધેકા બાલ શિક્ષણ–સાહિત્યના ક્રાંતિકાર હતા. ગુજરાતી બાળકોના પ્રથમ હિતચિંતક હતા. ઈ.સ. ૧૯૮૫માં તેમની જન્મશતાબ્દી જવનાર ગુજરાતે પૂર્વપ્રાથમિક શિક્ષણને વધુ વ્યવસ્થિત કરીને બાલપુષ્પોને કરમાતાં અટકાવવા માટે બાલમંદિરોને બાલોદ્યાનો સમાન પ્રેમસભર, સુવાસ–સુહાસસભર બનાવવા જ રહયાં. એ જ ગિજુભાઈ પ્રત્યેનો ઋણસ્વીકાર બની રહેશે.

**<u>સંદર્ભ</u> :**

*(૧) બધેકા, ગિજુભાઈ (૧૯૬૨) : દિવાસ્વપ્ન, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.*

*(૨) બધેકા, ગિજુભાઈ (૧૯૩૫) : માબાપોના પ્રશ્નો, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.*

*(૩) બધેકા, ગિજુભાઈ (૧૯૩૪) : શાંત પળોમાં, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.*

*(૪) બધેકા, ગિજુભાઈ (૧૯૩૧) : બાલશિક્ષણ મને સમજાયું તેમ, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.*

*(૫) ભટ્ટ, ગિરીશ મ. (૧૯૬૦) : મૂછાળી મા, સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ.*

❁❁

**<u>शोध-पत्र प्रकाशन सम्बंधी सूचना</u>**

'रिसर्च लिंक' (राष्ट्रीय मासिक शोध जर्नल) में शोधपत्रों के प्रकाशन हेत किसी भी प्रकार का प्रकाशन शुल्क नहीं लिया जाता है। शोधपत्र प्रकाशन हेतु आप शोधपत्र की सॉफ्टकॉपी हमारे ई-मेल आईडी - researchlink@yahoo.co.in पर भेज सकते हैं। शोधपत्र प्राप्त होते ही रेफरी प्रकाशन हेतु स्वीकृत, अस्वीकृत अथवा संशोधन हेतु परामर्श प्रदान करता है। शोधपत्र प्रकाशन योग्य होने पर ही केवल शोधछात्रों, प्राध्यापकों से सदस्यता शुल्क लिया जाता है। सदस्यता शुल्क का भुगतान ऑन-लाईन हमारे खाते में सीधे किया जा सकता है। बैंक सम्बंधी जानकारी निम्नानुसार है -

**बैंक :** स्टेट बैंक ऑफ इण्डिया

**ब्रांच :** ओल्ड पलासिया, इन्दौर,

**कोड** - **<u>SBIN 000 3432</u>**

**खाते का नाम : रिसर्च लिंक,**

**खाता नंबर** - **<u>63025612815</u>**

भुगतान की मूल रसीद, शोध-पत्र एवं सीडी के साथ कार्यालयीन पते पर भेजना अनिवार्य है।